| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Aajkal | 06 | 16-07-2014 |

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા પ્રાકૃતિક નરારા બેટ પર સ્વચ્છતા અભિયાન યોજાયું

## કંપનીના કર્મીઓએ સ્વૈચ્છાએ સફાઈ કામગીરી કરીઃ ટાપુ પર સુશોભિત વૃક્ષોનું વાવેતરઃ વાડીનારની શાળાના બાળકોએ પણ ભાગ લીધો







**આજકાલ કાર્યાલય**
**જામનગર**

એસ્સાર ગ્રુપમાં કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબીલીટી નિભાવતા એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વાડીનાર નજીક આવેલા પ્રાકૃતિક નરારા બેટ પર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જેમાં કંપનીના કર્મીઓએ સ્વૈચ્છાએ જોડાઈ સફાઈ કામગીરી કરી હતી. આ તકે સુશોભિત વૃક્ષોનું વાવેતર પણ કરાયું હતું.

સામાજીક ઉત્તરદાયિત્વના ભાગરૂપે એસ્સાર ફાઉન્ડેશન વાડીનાર રિફાઈનરીની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્કર્ષની પ્રવૃતિઓ કરવાની સાથે સાથે પ્રાકૃતિકતાને જાળવી રાખવા અંગેના સઘન કાર્યક્રમો પણ અવાર નવાર યોજાતું રહે છે. વાડીનાર નજીક આવેલા દરિયાઈ કાંઠાની સફાઈ કરવા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું જેમાં કંપનીના ૫૦ કર્મીઓએ સ્વૈચ્છાએ જોડાઈ સફાઈ કામગીરી કરી હતી. મરીન નેશનલ પાર્કની મુલાકાતે આવતા પર્યટકોએ ટાપુ પર અજાણતા ફેંકેલી બીન ઉપયોગી વસ્તુઓને એકઠી કરી કાંઠાને સ્વચ્છ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

એસ્સાર ફાઉન્ડેશનના આ અભિયાનમાં એસ્સાર ઓઈલ લી.ની પર્યાવરણ ટુકડી જોડાઈ હતી. વન વિભાગના સી.સી.એફ આર.ડી.કમ્બો જે ફાઉન્ડેશનની પ્રવૃતિને બિરદાવી હતી. પર્યાવરણ તથા દરિયાઈ જીવસૃષ્ટિના રક્ષણ માટે કાંઠાને સ્વચ્છ રાખવા માટે હાથ ધરાતા કાર્યક્રમોને તેઓએ મહત્વના ગણાવ્યા હતાં. અભિયાનમાં વાડીનાર ધાર શાળાના બાળકોએ પણ ભાગ લઈ પર્યાવરણીય જાગૃતિ અંગે સમજ મેળવી હતી. બાળકો તથા સફાઈ અભિયાનમાં જોડાયેલા કર્મીઓ માટે પર્યાવરણ અંગે સમજ કેળવાય એ માટે ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી.

વૃક્ષોનું વાવેતર આ અભિયાન અંતર્ગત પર્યાવરણી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું જેના માટે સી.આર.જી.ના જોઈન્ટ જનરલ મેનેજર વિજય પટેલ તથા તેની ટીમે ખુબ જ જહેમત ઉઠાવી હતી. ખાસ કરીને ટાપુ પર આવતા સહેલાણીઓને છાયો મળે અને પક્ષીઓને વિશામો મળે એવા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કર્મચારીઓ દ્વારા સ્વૈચ્છિક સેવા અંગેના કાર્યનો આરંભ ઓગષ્ટ-૨૦૧૨થી કરવામાં આવેલો છે. ઉદ્યોગ અને સમાજને જોડવામાં કડીરૂપ ગણાતા આ કાર્ય થકી અલગ-અલગ ક્ષેત્રમાં કર્મચારીઓ સ્વૈચ્છાએ સામાજીક જવાબદારી નિભાવી હજારો કલાકોનું શ્રમદાન કરે છે.